અપીલ અરજી નં.૨૮૧ તા.૩૧–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૭–૮–૦૮ની અરજીથી તા.૨૫–૭–૦૮ ના ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ પેપરમાં છપાયેલ સમાચારમાં (અ) ધ્રુવ મોટર્સ દબાણની સાઉથઝોન ધ્વારા તપાસ થયેલ હોય, પત્ર વ્યવહાર થયેલ હોય તેની સંપુર્ણ વિગત (બી) ઉધના શોપીંગમાં શરત–૧૧ નો ભંગ (૨) મીરાનગર શાળા નં.૧૯૭ પાસે ફાળવવામાં આવેલી દુકાનોને ગુમાસ્તાધારાનું લાયસન્સ કોના નામે છે? હાલમાં માલિક કોણ છે? આ દુકાનો બહાર દબાણ કોનુ છે? વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૮૧/૨૦૦૮–૦૯

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૭–૮–૦૮ની અરજીથી તા.૨૫–૭–૦૮ ના ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ પેપરમાં છપાયેલ સમાચારમાં (અ) ધ્રુવ મોટર્સ દબાણની સાઉથઝોન ધ્વારા તપાસ થયેલ હોય, પત્ર વ્યવહાર થયેલ હોય તેની સંપુર્ણ વિગત (બી) ઉધના શોપીંગમાં શરત–૧૧ નો ભંગ (૨) મીરાનગર શાળા નં.૧૯૭ પાસે ફાળવવામાં આવેલી દુકાનોને ગુમાસ્તાધારાનું લાયસન્સ કોના નામે છે? હાલમાં માલિક કોણ છે? આ દુકાનો બહાર દબાણ કોનુ છે? વિગેરે માહિતી આપવા બાબતે માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૦ તા.૬–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા લગભગ બે માસના વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજુ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/આ.નં.૭૫૨૯ તા.૧૫–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.જેમાં જાહેર માહિતી અધિકારીએ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા મુદ્દા નં.૧ (એ) ની અંશતઃ માહિતી સા.ઝોન/ટેક./આ.નં.૪૭૯૬ તા.૧૬–૯–૦૮ થી અરજદારને પૂરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૧ (બી) અંશતઃ માહિતી અંગે નં.૪૭૯૫ તા.૧૬–૯–૦૮ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ મધ્યસ્થ કચેરીને દિન–૧૦ ના વિલંબથી તબદીલ કરેલ છે. જયારે અરજદારને પાઠવેલ પત્રના અનુસંધાને કેટલી માહિતી મળી અને કેટલી માહિતી મળેલ નથી તે અંગે કોઈ વાજબીપણું કે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. કે વિલંબિત અપીલ અંગે પણ કોઈ વાજબીપણું અરજદાર તરફથી રજુ કરવામાં આવેલ નથી. અરજદારની અપીલ જોતાં મુદ્દા નં.૩ અંગે કોઈ તકરાર ઉપસ્થિત કરેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજીમાં તા.૨૫–૭–૦૮ ના ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ પેપરમાં છપાયેલ સમાચારમાં (એ) ધ્રુવ મોટર્સ દબાણની સાઉથઝોન ધ્વારા તપાસ થયેલ હોય, પત્ર વ્યવહાર થયેલ હોય તેની સંપુર્ણ વિગત (બી) ઉધના શોપીંગમાં શરત–૧૧ નો ભંગ (૨) મીરાનગર શાળા નં.૧૯૭ પાસે ફાળવવામાં આવેલી દુકાનોને ગુમાસ્તાધારાનું લાયસન્સ કોના નામે છે? હાલમાં માલિક કોણ છે? આ દુકાનો બહાર દબાણ કોનુ છે? વિગેરે માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૪૭૯૬ તા.૧૬–૯–૦૮ થી તેમને સ્પર્શતા મુદ્દા (એ) આંશિક માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જયારે અન્ય મુદ્દા બી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની દિન–૬૦ ના વિલંબથી કરેલ અપીલ અરજી વિલંબના વાજબીપણાની અનુપસ્થિતિમાં દફતરે કરવામાં આવે છે. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં લઈ અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી અરજીના પરિપ્રેક્ષ્યમાં કાયદાની કલમ–૭(૩) તથા નિયમ–૫ હેઠળ કોઈ દસ્તાવેજી ફી ભરવાપાત્ર થતી હોય તો તે ભરાવી દિન–૩૦ માં અરજદારને નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧(બી) ની માહિતી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન મુદ્દા (એ) ની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડી હોય કોઈ હુકમ કરવાનો રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ અને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ